PRGI No. GUJGUJ/2016/70752
# નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD
Volume : 10
Issue : 232
Dt.: 27-06-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa






### ચંપત રાય સહિત ૨ ટ્રસ્ટીનાં રાજીનામા

# રામ મંદિર દાનચોરી વિવાદમાં આઠ લોકોની ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યા રામ મંદિર દાનના નાણાંની કથિત ઉચાપત મામલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કડક વલણ બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં મોટી હલચલ મચી ગઈ છે. આ સમગ્ર વિવાદ વચ્ચે ટ્રસ્ટના બે અગ્રણી સભ્યો ચંપત રાય અને અનિલ મિશ્રાએ પોતાના પદો પરથી રાજીનામા આપી દીધા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રીના કડક આદેશો અને તપાસના દબાણને કારણે ટ્રસ્ટના સંગઠનાત્મક માળખામાં આ મોટો ફેરફાર થયો છે, જેને પગલે ઉત્તર પ્રદેશના રાજકારણમાં અને ધાર્મિક વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. અયોધ્યા રામ મંદિર દાનના નાણાંની કથિત ઉચાપત અને નાણાકીય ગેરરીતિના મામલામાં એક બહુ મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના અત્યંત કડક વલણની સીધી અસર શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ પર જોવા મળી છે.

આ સમગ્ર વિવાદ અને ચાલી રહેલી તપાસ વચ્ચે ટ્રસ્ટના બે સૌથી અગ્રણી અને વરિષ્ઠ સભ્યો ચંપત રાય અને અનિલ મિશ્રાએ પોતાના પદો પરથી રાજીનામા આપી દીધા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ના પ્રારંભિક અહેવાલમાં કરાયેલી કડક ભલામણો બાદ આ બંને સભ્યોએ પદ પરથી હટવાનો મોટો નિર્ણય લીધો છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આ મામલામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની ફરિયાદના આધારે જ પહેલી FIR પહેલાથી જ દાખલ કરી દેવામાં આવી હતી. આ FIR માં ૮ લોકોની સામે નામજોગ ફરિયાદ કરવામાં આવ્યા બાદ આજે તમામ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે અન્ય કેટલાક અજ્ઞાત લોકોની ભૂમિકા અંગે પણ ઊંડી તપાસ ચાલી રહી છે.

ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામાને સીધા આ કાનૂની એક્શન અને તપાસની કાર્યવાહી સાથે જોડીને જોવામાં આવી રહ્યા છે. હાલમાં SIT આ કથિત નાણાકીય ગોટાળાઓની ખૂબ જ ઝીણવટભરી તપાસ કરી રહી છે. તપાસ એજન્સી તમામ શંકાસ્પદ આરોપીઓના બેંક ખાતાઓ, સ્થાવર-જંગમ સંપત્તિઓ, મોબાઈલ કોલ રેકોર્ડ્સ અને કથિત નાણાકીય લેણદેણના પુરાવાઓ એકત્રિત કરવામાં લાગી ગઈ છે. સીએમ યોગી આદિત્યનાથે પહેલાથી જ સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે આ મામલે કોઈપણ પ્રકારની બાંધછોડ વિના સંપૂર્ણ પારદર્શક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે. સરકારનું કહેવું છે કે જો તપાસમાં કોઈ પણ સ્તરે ગેરરીતિ કે બેદરકારી સાબિત થશે, તો જવાબદાર લોકો સામે કાયદા મુજબ કડકમાં કડક પગલાં લેવાશે. ટ્રસ્ટના બે મોટા નેતાઓના રાજીનામા બાદ હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. શું SIT ના અંતિમ રિપોર્ટમાં હજુ પણ કેટલાક મોટા ખુલાસા થશે? શું તપાસનો દાયરો વધુ લંબાવવામાં આવશે અને તેમાં અન્ય કોઈ મોટી હસ્તીઓ હોમાશે? આ રાજીનામા બાદ હવે રામ મંદિર ટ્રસ્ટની આખી કાર્યપ્રણાલીમાં કેવા ફેરફારો થશે, તે તમામ સવાલોના જવાબો આગામી દિવસોમાં તપાસ આગળ વધવાની સાથે જ સામે આવશે.

### ઘણા સાંસદો વધુ લશ્કરી કાર્યવાહીનો વિરોધ કર્યો

# ઈરાન યુદ્ધ, અમેરિકી ખેડૂતોને સહાય અને ઈબોલા માટે ટ્રમ્પે કોંગ્રેસ પાસે ૮૭.૬ બિલિયન ડોલર માગ્યા

**'ઓપરેશન એમિક ફ્યુરી' ઉપર કેન્દ્રિત હતી સાથે અમેરિકાના કૃષિકારને સહાય માટેની રકમ પણ તેમાં આવરી લેવાઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વોશિંગ્ટનમાં, પેન્ટાગોને ઈરાન સામે યુદ્ધ ખર્ચ, ખેડૂતોને સહાય અને ઈબોલા કટોકટી માટે કોંગ્રેસ સમક્ષ ૮૭.૬ બિલિયન માંગ્યા છે. આ માંગણી મુશ્કેલ છે કારણ કે ઘણા સાંસદો વધુ લશ્કરી કાર્યવાહીનો વિરોધ કરે છે.



ટ્રમ્પે રિપબ્લિકન સેનેટર્સ સાથે લંચ દરમિયાન આ મુદ્દે ગરમાગરમી અને રાડારાડી કરી હતી.ડૉનાલ્ડ ટ્રમ્પે અંગત લંચ સમયે રીપબ્લિકન સેનેટર્સ સાથે પણ પૂરક બજેટની રજૂઆત કરી ત્યારે ગરમાગરમી, રાડારાડી થઈ. ઈરાન સામેના યુદ્ધના ખર્ચને પહોંચી વળવા પેન્ટાગોને કરેલી માગણીતેમજ અમેરિકી ખેડૂતોને સહાય કરવા અને ઈબોલા કટોકટીને પહોંચી વળવા વ્હાઈટ હાઉસે કોંગ્રેસ (સંસદ) સમક્ષ ૮૭.૬ બિલિયન ડૉલર્સની માંગણી કરી છે. વિશેષત) મોટા ભાગના સાંસદો વધુ લશ્કરી કાર્યવાહીનો વિરોધ કરી રહ્યા છે તે તબક્કે આ માગણી કોંગ્રેસમાંથી પસાર કરી શકવી મુશ્કેલ તો છે જ.આ પૂર્વે પ્રમુખ ટ્રમ્પે રિપબ્લિક સેનેર્સને પોતે અંગત લંચ ઉપર બોલાવ્યા હતા ત્યારે આ માગણીઓનો વિરોધ કરનારા, નેતાએ વિશેષતઃ ઈરાન સામેના લશ્કરી પગલાનો વિરોધ કરનારાઓ સાથે પ્રમુખને ભારે ગરમાગરમી થઈ હતી તેમજ સામસામી રાડારાડી પણ થઈ હતી.'ઓપરેશન એમિક ફ્યુરી' ઉપર કેન્દ્રિત હતી સાથે અમેરિકાના કૃષિકારને સહાય માટેની રકમ પણ તેમાં આવરી લેવાઈ હતી તથા આળિકામાં વકરેલા ઈબોલા માટે સહાયની જરૂરી રકમ પણ તેમાં માગવામાંઆવી હતી. સાથે પાટનગર વૉશિંગ્ટન ડી.સી.ના રંગરૂ ફેરવવા માટે જરૂરી રકમ પણ તેમાં માંગવામાં આવી હતી.હાઉસના સ્પીકર માઈક જ્હોનસને સંબોધીને લખેલા પત્રમાં ઑફિસ ઑફ ધ મેનેજમેન્ટ એન્ડ બજેટના ડિરેક્ટર વૉચે માંગણી કરી હતી કે ડૉલર ૬૭ મિલિયન ડિપાર્ટમેન્ટ ઓફ ડીફેન્સ માટે જોઈશે તે ઈરાન યુદ્ધના કાર્યરત ડિફેન્સ પસાનલ્સ માટે અનિવાર્ય છે તેમાં રેડીને એકસપેન્સીઝ કોસ્ટસ તથા સ્ટોક (શસ્ત્ર સરંજામ) માટે અનિવાર્ય છે.

# CBSEએ ધોરણ-૭થી ૧૦ના વિદ્યાર્થીઓને આપી મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ થ્રી લેંગ્વેજ પોલિસી (ત્રિભાષીય ફોર્મ્યુલા) ને લઈને એક મોટો નિર્ણય લીધો છે. સીબીએસઈ દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર, હાલના સમયમાં સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં ૭માંથી ૯માં ધોરણમાં ભણી રહેલા સ્ટુડન્ટ્સ પર નવી શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ લાગુ થશે નહીં, અને ૧૦માં ધોરણના સ્ટુડન્ટ્સ બે ફોરેન લેંગ્વેજ (વિદેશી ભાષાઓ) સાથે જ બોર્ડની એક્ઝામ આપી શકશે. એટલે કે, ૭માંથી લઈને ૧૦માં ધોરણ સુધીના સ્ટુડન્ટ્સ માટે હાલ પૂરતા ભાષાની પસંદગી અને પરીક્ષાને લઈને જૂના નિયમો જ ચાલુ રહેશે. હાલના સમયમાં ૭માં, ૮માં અને ૯માં ધોરણમાં ભણી રહેલા સ્ટુડન્ટ્સને નવી શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ હેઠળ થ્રી લેંગ્વેજ પોલિસીમાંથી રાહત આપવામાં આવી છે. આ રાહતના કારણે સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં ૭માં, ૮માં અને ૯માં ધોરણમાં ભણતા એવા સ્ટુડન્ટ્સ કે જેમણે થ્રી લેંગ્વેજ પોલિસી હેઠળ બે ફોરેન લેંગ્વેજ પસંદ કરી છે, તેઓ ૧૦માં ધોરણ સુધી તે જ ભાષાઓ સાથે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે છે. નવી શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ હેઠળ અમલમાં આવનારો નવો થ્રી લેંગ્વેજ ફોર્મ્યુલા, જેમાં ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓ ભણવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે, તે માત્ર છઠ્ઠા ધોરણમાં એડમિશન લેનારા સ્ટુડન્ટ્સ પર જ લાગુ થશે. જેમ-જેમ આ ધોરણ આગળ વધશે (એટલે કે વિદ્યાર્થીઓ આગળના ધોરણમાં જશે), તેમ-તેમ તેઓ આ જ લેંગ્વેજ કોમ્બિનેશન સાથે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકશે. ટૂંકમાં કહીએ તો, સીબીએસઈએ નવી થ્રી લેંગ્વેજ પોલિસીમાંથી અત્યારે ૭માં, ૮માં, ૯માં અને ૧૦માં ધોરણમાં ભણી રહેલા વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે.






### છેલ્લાં ૧૨ વર્ષમાં પાસપોર્ટ અંગે કોઈ નવો નિર્ણય કરાયો નથી

# પાસપોર્ટ અને નાગરિકતા મુદ્દે રાજકીય ઘમસાણ, સરકાર-વિપક્ષ આમને-સામને

**નાગરિકતાના હક્કો છીનવી લેવા માટે કેન્દ્ર સરકાર પૂર્વભૂમિકા તૈયારી કરી રહી હોવાનો કોંગ્રેસે કરેલો આક્ષેપ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવા વિદેશ મંત્રાલયના નિવેદનથી મોટો રાજકીય વિવાદ ઊભો થયો છે. સરકારે સ્પષ્ટતા કરી હતી કે મોદી સરકારના છેલ્લાં ૧૨ વર્ષમાં પાસપોર્ટ અંગે કોઈ નવો નિર્ણય કરાયો નથી.

બીજી તરફ સરકાર પર પ્રહાર કરતાં વિપક્ષે જણાવ્યું હતું કે સરકાર સાથે અસંમત થતાં લોકોના નાગરિકત્વના હકો છીનવી લેવા માટે સરકાર પૂર્વભૂમિકા તૈયાર કરી રહી છે. સરકારી સૂત્રોએ પાસપોર્ટ ધારા ૧૯૬૭ને ટાંકીને જણાવ્યું હતું કે બિન-નાગરિકોને પણ જાહેર હિતમાં પાસપોર્ટમાં જારી કરી શકાય છે. પાસપોર્ટ વિદેશ પ્રવાસનો એક દસ્તાવેજ છે અને તે નાગરિકતાનો પુરાવો નથી તેવા બુધવારના વિદેશ મંત્રાલયના નિવેદન પછી આ વિવાદ ઊભો થયો હતો.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવો ગઈકાલે લેવાયેલો નિર્ણય નથી. નરેન્દ્ર મોદી સરકારના શાસનકાળમાં છેલ્લા ૧૨ વર્ષમાં આ અંગે નિર્ણય પણ લેવામાં આવ્યો ન નથી. પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો નથી. પાસપોર્ટ ધારા, ૧૯૬૭ની કલમ ૨૦નો ઉલ્લેખ કરીને સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતના નાગરિક નથી તેમને પણ પાસપોર્ટ અને મુસાફરી દસ્તાવેજો જારી કરી શકાય છે. જોકે તે જ પાસપોર્ટ ધારાની કલમ ૬(૨)(એ)માં જોગવાઈ છે કે પાસપોર્ટ ઓથોરિટી જો અરજદાર ભારતનો નાગરિક ન હોય તો પાસપોર્ટ જારી કરવાનો ઈનકાર કરશે. વિદેશ મંત્રાલયના નિવેદનની ટીકા કરતાં કોંગ્રેસના મહાસચિવ કે સી વેણુગોપાલે આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે અગાઉ પોતાના રાજકીય એજન્ડાને અનુરૂપ મતદાર યાદીમાંથી અમુક સમુદાયોના લોકોના નામ દૂર કર્યા હતાં. આ સરકાર નાગરિકોમાં ગભરાટ અને લાચારી ફેલાવવામાં ઉત્સાદ છે.

પાસપોર્ટ પણ કોઈની નાગરિકતા પ્રમાણિત કરતું નથી તેવું જાહેર કરીને તેઓ એવા ભારતીયોને નાગરિકત્વના અધિકારો મનસ્વી રીતે નકારવાનો પાયો નાખી રહ્યા છે જેની સાથે તેઓ અસંમત છે. ભાજપે વળતો જવાબ આપ્યો હતો કે મોદી સરકારે પાસપોર્ટ અંગે કોઈ નવો નિયમ બનાવ્યો નથી. વિદેશ મંત્રાલયે ફક્ત વર્ષોથી ચાલતા નિયમનો પુનરોચ્ચાર કર્યો છે.

# તંત્રી લેખ......

## લોકસભામાં NDA ૩૦૦ પાર થતાં જ INDIA ગઠબંધનમાં ચિંતા વધી

રાજ્યસભાની ચૂંટણી અને પ્રાદેશિક પક્ષોમાં પડેલી મોટી તિરાડ બાદ સંસદમાં સત્તાધારી પક્ષ NDA ગઠબંધન સતત મજબૂત થઈ રહ્યું છે. સંસદની અંદર બદલાઈ રહેલા આ સમીકરણોને કારણે હવે વિપક્ષી ગઠબંધન INDIAમાં ભારે ચિંતા અને દોડધામ મચી ગઈ છે. તાજેતરમાં પૂર્વ સહયોગી પક્ષ DMK (દ્રવિડ મુન્નેત્ર કઝગમ)ના ચીફ એમ.કે. સ્ટાલિને નિવેદન આપ્યું હતું કે તેમની પાર્ટી આગામી સમયમાં ચૂંટણી ગઠબંધનની જરૂરિયાત પર ગંભીરતાથી વિચાર કરશે.

આ નિવેદન બાદ INDIA ગઠબંધનના નેતાઓએ તુરંત એક્શનમાં આવીને દ્રસ્દ્રની નારાજગી દૂર કરવાના પ્રયાસો તેજ કરી દીધા છે. ગઠબંધનના ઘણા વરિષ્ઠ નેતાઓ સતત DMKના સંપર્કમાં છે અને કોંગ્રેસ તરફથી તેમને ગઠબંધનમાં ટકી રહેવા માટે ડાબેરી પક્ષો (લેફ્ટ પાર્ટીઓ)નું ઉદાહરણ પણ આપવામાં આવી રહ્યું છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો વખતે NDA પાસે ૨૯૩ બેઠકોનું સંખ્યાબળ હતું, જે હવે વધીને ૩૦૦ને પાર પહોંચી ગયું છે. જોકે, બંધારણીય ફેરફારો માટે જરૂરી એવા બે તૃતીયાંશ બહુમતીના આંકડાથી NDA હજુ પણ થોડું દૂર છે, જેના કારણે લોકસભામાં ૨૨ સાંસદો ધરાવતી DMKનો ઝુકાવ અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે છે. રાજકીય વર્તુળોમાં એવી પણ અટકળો તેજ છે કે દ્રઢછના ટોચના નેતાઓ દ્રસ્દ્રના સંપર્કમાં છે. હાલમાં લોકસભામાં બે તૃતીયાંશ બહુમતીનો આંકડો ૩૬૨ છે, પરંતુ ૩ બેઠકો ખાલી હોવાને કારણે હાલ આ મેજિકલ નંબર ૩૬૦ પર આવી ગયો છે. જ્યારે બીજી તરફ ઉચ્ચ ગૃહ એટલે કે રાજ્યસભામાં આ માટે ૧૫૪ સભ્યોનું સમર્થન જરૂરી છે. હાલમાં રાજ્યસભામાં DMK પાસે ૮ સાંસદોનું સંખ્યાબળ છે.

છેલ્લા કેટલાક સમયમાં વિપક્ષી છાવણીમાં પડેલા ગાબડાંને કારણે NDAની તાકાતમાં ધરખમ વધારો થયો છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ૨૦ સાંસદોએ બળવો કરીને નેશનલ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયામાં વિલય કરી લીધો છે અને NDAને સમર્થન જાહેર કર્યું છે, જેનાથી લોકસભામાં ગઠબંધનનો આંકડો ૩૧૩ પર પહોંચ્યો હતો. ત્યારબાદ શિવસેના UBTના ૬ સાંસદો પણ શિવસેના (શિંદે જૂથ)માં જોડાઈ જતાં આ આંકડો વધીને ૩૧૯ થઈ ગયો છે. હવે જો તમિલનાડુની DMK પણ મુદ્દાઓ આધારિત સમર્થન જાહેર કરે, તો દ્રઢછની સંખ્યા સીધી ૩૪૧ પર પહોંચી શકે છે.

આવી જ સ્થિતિ રાજ્યસભામાં પણ જોવા મળી રહી છે. આમ આદમી પાર્ટી (AAP)ના રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદો ભાજપમાં સામેલ થઈ ચૂક્યા છે. આ સિવાય TMCના ૪ સાંસદોએ રાજીનામું આપ્યું છે, જે બેઠકો પર હવે ભાજપ સરળતાથી જીત મેળવી શકે તેમ છે. તાજેતરમાં જ યોજાયેલી પેટાચૂંટણીમાં ગઠબંધનને ૧૯ બેઠકો પર વિજય મળ્યો છે, જ્યારે મિઝોરમના એકમાત્ર સાંસદે પણ મુદ્દાઓ આધારિત NDAને સાથ આપવાની જાહેરાત કરી દીધી છે. ગયા બજેટ સત્રમાં મહિલા અનામત અને સીમાંકન બિલ પર સરકારને ૨૯૮ સાંસદોનું સમર્થન મળ્યું હતું, જે જરૂરી ૩૬૦ના આંકડાથી ૬૨ ઓછું હતું. આગામી સત્ર શરૂ થવામાં ૧ મહિનાનો સમય છે, જેમાં મોટા રાજકીય ઉલટફેર થઈ શકે છે. ખાસ કરીને બિલ મુદ્દે આંતરિક મતભેદો ધરાવતી DMKને NDA પોતાની તરફ વાળવાનો પૂરો પ્રયાસ કરશે.બીજી તરફ, લોકસભામાં શરદ પવારની NCP પાસે ૮, AAP પાસે ૩ અને ત્નસ્સ પાસે ૩ સાંસદો છે, જેમનું વલણ હવે નિર્ણાયક રહેશે. ચર્ચા છે કે શરદ પવાર જૂથના કેટલાક સાંસદો અજિત પવારની NCPના સંપર્કમાં છે. આ સિવાય ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી (SP)માં પણ મોટા બળવાના દાવા ભાજપ નેતાઓ કરી રહ્યા છે, જોકે સપાએ આ શક્યતાઓને નકારી દીધી છે. હવે આગામી દિવસોમાં આ રાજકીય ખેંચતાણ કયું નવું સ્વરૂપ લે છે તેના પર સૌની નજર રહેશે.

### રામ મંદિર દાન કેસમાં મોટો ખુલાસો

## SBI અને ટ્રસ્ટની મોટી બેદરકારી, ડ્રાઈવર કનેક્શન પણ ખુલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

રામ મંદિરના ચઢાવામાં થયેલી ઉચાપત મામલે એસઆઈટી (SIT) તપાસમાં એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. પ્રારંભિક અહેવાલ મુજબ, ચઢાવાની ગણતરી અને તેના મેનેજમેન્ટ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ વચ્ચે બનેલી એસઓપી (SOP - સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર)નું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે, ટ્રસ્ટને પહેલેથી જ ગરબડ થવાની આશંકા હતી, છતાં આ ગંભીર બેદરકારી દાખવવામાં આવી.

વિશેષ તપાસ ટીમ (SIT)ના પ્રારંભિક રિપોર્ટ અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૪ અને ફેબ્રુઆરી ૨૦૨૫માં ટ્રસ્ટ અને એસબીઆઈના અધિકારીઓ વચ્ચે બેઠક થઈ હતી. જેમાં દાન પાત્રની સુરક્ષા, રોકડની ગણતરી અને રેકોર્ડ રાખવા માટે એક વિસ્તૃત એસઓપી (SOP) તૈયાર કરવામાં આવી હતી. આ નિયમો પર એસબીઆઈ તરફથી ગોવિંદ મિશ્ર અને ટ્રસ્ટ તરફથી અનિલ મિશ્રાએ હસ્તાક્ષર કર્યા હતા. પરંતુ તપાસમાં બહાર આવ્યું છે કે, ચઢાવાની ગણતરી વખતે આ નક્કી કરેલી પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું. રિપોર્ટમાં આને ગંભીર અને કથિત રીતે જાણીજોઈને કરાયેલી બેદરકારી તરીકે નોંધવામાં આવ્યું છે.

રિપોર્ટમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, આરોપી રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ (જે ડ્રાઈવર હોવાનું કહેવાય છે) પાસે કોઈ પણ સત્તાવાર આદેશ વિના દાન પાત્રની ચાવીઓ રહેતી હતી. ચઢાવાની રોકડ રકમને કાઉન્ટિંગ રૂમ સુધી લઈ જવામાં અને તેની સુરક્ષા વ્યવસ્થામાં અનેક મોટી ખામીઓ જોવા મળી છે.

આ આખા કૌભાંડની નૈતિક જવાબદારી સ્વીકારતા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જો કે ટ્રસ્ટ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર વિસ્તૃત નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ આ રાજીનામાને સીધા એસઆઈટી રિપોર્ટની કાર્યવાહી સાથે જોડીને જોવામાં આવી રહ્યા છે. અયોધ્યા પોલીસે એસઆઈટીની ભલામણના આધારે ગુનો નોંધીને એફઆઈઆર (FIR)માં નામજોગ તમામ ૮ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીઓમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રામાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ, રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ આ તમામ લોકો મંદિરના ચઢાવાની રોકડ અને કિંમતી સામાનની ગણતરી તેમજ મેનેજમેન્ટની કામગીરી સાથે જોડાયેલા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શુક્રવારે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે, એસઆઈટીનો રિપોર્ટ મળતાની સાથે જ એક્શન શરૂ કરી દેવામાં આવ્યા છે. જનતાની આસ્થા સાથે ખીલવાડ કરનારા ગમે તેવા ચમરબંધીને પણ બક્ષવામાં નહીં આવે. સરકાર દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે.

### મિસાઈલ ઝિંકવાની આપી ધમકી

## હોર્મુઝમાં ફરી તણાવ ! ઓમાને મોટો ખેલ પાડતા ઈરાન વિફર્યું

### ‘હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવા માટેનો એકમાત્ર અધિકૃત રૂટ એ જ છે, જે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાને જાહેર કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખુલ્યા બાદ પણ ત્યાં તણાવ અને સંઘર્ષનું સ્તર બહુ ઓછું થયું નથી. ગુરુવારે હોર્મુઝમાં ઓમાન તરફથી પસાર થઈ રહેલા એક ઓઈલ ટેન્કરને ચેતવણી આપતા ઈરાની નેવીએ કહ્યું કે, તમે અમારી મિસાઈલની રેન્જમાં છો અને ઈરાની નેવી ગમે ત્યારે ફાયર કરી શકે છે. યુદ્ધવિરામ બાદ ઈરાનની આ ચેતવણીથી હોર્મુઝમાં ફરી એકવાર માહોલ તણાવપૂર્ણ બની ગયો છે. ઓમાને સંયુક્ત રાષ્ટ્ર ના સહયોગથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં પોતાના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી જહાજો અને ઓઈલ ટેન્કરો પસાર થવા માટે એક નવો રૂટ એક્ટિવેટ કરી દીધો છે. આ રૂટ શરૂ થવાથી હોર્મુઝમાં ઈરાનની દાદાગીરી ખતમ થઈ જશે. ઓમાનના આ પગલાને અમેરિકાનો સાથ મળ્યો છે, પરંતુ તેનાથી ઈરાન ચિડાયેલું છે.ગુરુવારે ઘણા ટેન્કરોએ સંયુક્ત રાષ્ટ્રની દરિયાઈ એજન્સી દ્વારા દર્શાવવામાં આવેલા નવા રસ્તા પરથી હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું હતું. ઈરાને ઓમાનના કિનારા પાસેથી પસાર થતા આ રસ્તાનો ઉપયોગ કરનારા જહાજોને ધમકી આપી છે. આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર વૈકલ્પિક રૂટ ખુલવાથી વિશ્વના અર્થતંત્ર પરનું દબાણ ઘટશે અને અમેરિકા સાથે ચાલી રહેલી શાંતિ વાટાઘાટોમાં ઈરાનની સોદાબાજી કરવાની ક્ષમતા ખતમ થઈ જશે. અમેરિકાના સહયોગી દેશોને ભરોસો આપવા માટે ખાડી દેશોના પ્રવાસે આવેલા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, વોશિંગ્ટન આ નવા રસ્તા માટે પ્રતિબદ્ધ છે.

આ સ્ટ્રેટ પરથી પસાર થતા ટ્રાફિકમાં વધારો થયો છે, પરંતુ તે હજી પણ યુદ્ધ પહેલાના સ્તર કરતા ઘણો નીચે છે. ગુરુવારે ઓઈલની કિંમત થોડા સમય માટે યુદ્ધ પહેલાના ૭૩ ડોલર પ્રતિ બેરલ કરતા પણ ઓછી થઈ ગઈ હતી. આ એવો સંકેત છે કે, બજારને લાગે છે કે સ્થિતિ સુધરી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી હવે વધુ જહાજો પસાર થઈ રહ્યા છે, પરંતુ યુદ્ધ પહેલાની સરખામણીમાં તેમની સંખ્યા ઘણી ઓછી છે.

ગુરુવારની સવારે, ‘સ્ટોઈક વોરિયર’ જહાજની આગેવાની હેઠળ ઓઈલ ટેન્કરોનો એક કાફલો સંયુક્ત આરબ અમીરાત અને ત્યારબાદ ઓમાનના કિનારાની સાથે-સાથે આગળ વધ્યો અને ઓમાનના મુસંદમ દ્વીપકલ્પની ખૂબ નજીકથી પસાર થયો.

આ રસ્તો ઓમાન અને સંયુક્ત રાષ્ટ્રની એજન્સી ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશને નક્કી કર્યો હતો.આ રસ્તાની ઉત્તરમાં ‘ટ્રાફિક સેપરેશન સ્કીમ‘ કોરિડોર છે, જે સ્ટ્રેટની મધ્યમાં છે.

યુદ્ધ પહેલા અહીંથી જહાજો મુક્તપણે પસાર થતા હતા. ઈરાનનું કહેવું છે કે, ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના હુમલા બાદ તેણે એ રસ્તા પર દરિયાઈ સુરંગો (બારૂદી સુરંગો) બિછાવી દીધી હતી, અને ત્યાં ઓછામાં ઓછી એક સુરંગ જોવા પણ મળી છે. જોકે અમેરિકી સેનાની મદદથી કેટલાક જહાજો તે સ્ટ્રેટમાંથી બહાર નીકળી રહ્યા હતા, પરંતુ ફસાયેલા જહાજોને બહાર કાઢવા માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સીનો આ પ્રયાસ સૌથી નવો ઉપાય છે.

ઈરાનનું કહેવું છે કે, શિપિંગનો આ નવો રસ્તો તેને ‘મંજૂર નથી’. ઈરાનની રેવોલ્યુશનરી ગાર્ડ્સની નેવીએ નવા શિપિંગ રૂટ અને વધતા ટ્રાફિક પર પ્રતિક્રિયા આપતા ગુરુવારે એક ચેતવણી જાહેર કરી, જેને ઈરાનની સરકારી સમાચાર એજન્સી IRNA એ પ્રકાશિત કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ‘આ નવો રૂટ ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનને કોઈ માહિતી આપ્યા વિના અથવા તેમની સાથે તાલમેલ મિલાવ્યા વિના બનાવવામાં આવ્યો છે, અને તે અસ્વીકાર્ય અને અત્યંત જોખમી છે.’

### સ્ટોર, હોટેલ્સમાં બંદૂક લઈ જવા મંજૂરી લેવાનો કાયદો સુપ્રીમે રદ કર્યો

## ટ્રમ્પ સરકારની આકરી ઈમિગ્રેશન નીતિ પુનઃજીવિત કરવા સુપ્રીમની લીલી ઝંડી

### અમેરિકા-મેક્સિકો સરહદે શરણાર્થીઓની સંખ્યા મર્યાદિત કરવાની નીતિ ફરી લાગુ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વોશિંગ્ટન દેશમાંથી શરણાર્થીઓ અને ગેરકાયદે વસાહતીઓની સંખ્યા ઘટાડવાના અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસોને સમર્થન આપતાં એક ચુકાદામાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે, અમેરિકા-મેક્સિકોની સરહદ પરથી શરણાર્થીઓને પાછા ધકેલવા માટે ઉપયોગમાં લેવાતી ઈમિગ્રેશન પોલિસીને પુનઃજીવિત કરવાનો માર્ગ મોકળો કર્યો છે. અગાઉની ઓબામા સરકાર અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન, સરહદ પર દરરોજ આશ્રય માટે અરજી કરનારા લોકોની સંખ્યા મર્યાદિત કરી દેવામાં આવી હતી. નીચલી અદાલતે આ પ્રક્રિયા પર રોક લગાવી દીધી હતી, જેને સુપ્રીમ કોર્ટે હવે રદ કરી દીધી છે.

માનવ અધિકાર કાર્યકર્તાઓના જણાવ્યાં અનુસાર, આ નીતિને કારણે મોટું માનવીય સંકટ ઊભું થયું હતું. જોકે, ટ્રમ્પ સરકારના મતે સરહદ પર આશ્રય માંગનારાઓની વધતી સંખ્યાને નિયંત્રિત કરવા માટે આ પગલું જરૂરી હતું.

હાલમાં આ નીતિ અમલમાં નથી, જોકે સત્તાવાળાઓએ આશ્રય મેળવવા ઈચ્છતાં લોકો પર અન્ય ઘણા નિયંત્રણો લાદેલા છે. સરકારના જણાવ્યાં અનુસાર, શરણાર્થીઓની સંખ્યા મર્યાદિત કરવાના પગલાંનો ઉપયોગ બંને પક્ષોના પ્રમુખો દ્વારા કરવામાં આવ્યો છે અને તે યથાવત રહેવો જોઈએ.

સરકારી વકીલોનું કહેવું છે કે સરહદ પરથી પાછા મોકલાયેલા લોકો પછીથી પાછા આવી શકે છે. વોશિંગ્ટનઃ અમેરિકામાં ગન કલ્ચરને પ્રોત્સાહન આપતાં એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે સ્ટોર અને હોટેલ્સ જેવી ખાનગી જગ્યાઓમાં સાથે બંદૂક લઈ જવા માટે મંજૂરી લેવાના હવાઈ લો નામના કાયદાને રદ કર્યો છે. બંધારણના બીજા સુધારા હેઠળ હથિયાર રાખવાના અધિકારોનું સમર્થન કરતો કોર્ટનો આ તાજેતરનો મોટો ચુકાદો છે.

સુપ્રીમ કોર્ટે ૬-૩ની બહુમતિથી આપેલા આ ચુકાદાને પગલે હવે લોકો શોપિંગ મોલ્સ અને ગેસ સ્ટેશનો જેવી ખાનગી માલિકીની જગ્યાઓ પર પણ પોતાની સાથે હથિયાર લઈ જઈ શકશે, સિવાય કે તે સંસ્થા કે દુકાનના માલિકે ત્યાં હથિયારો લાવવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂક્યો હોય.

## વિશ્વામિત્રી નદીમાં પૂરના પાણી આવતા અટકાવવા નવા ૧૯ ચેકડેમ બનાવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વિશ્વામિત્રી નદીમાં અવારનવાર આવતા પૂરના પાણીને અટકાવવા લાંબા ગાળાના આયોજન હેઠળ ૧૯ નવા ચેકડેમના નિર્માણની યોજના વિશ્વામિત્રી નદી પૂર નિવારણ તથા નિયંત્રણ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

વિશ્વામિત્રી નદી પૂર નિવારણ તથા નિયંત્રણ સમિતિના અધ્યક્ષ બી.એન.નવલાવાલા તેમજ મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુની અધ્યક્ષતામાં થોડા સમય પહેલા બેઠક યોજાઈ હતી. જેમાં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં થયેલી ચર્ચા મુજબ પાવાગઢથી પીંગલવાડા સુધી પસાર થતી વિશ્વામિત્રી નદીના ઉપરવાસમાં અર્થાત પાવાગઢથી વડોદરા વચ્ચે કેટલાક ચેકડેમ હતા. તેમાંથી અવારનવાર પૂર આવવાને કારણે ભારે નુકસાન થયું હતું તેનું પણ રીપેરીંગ કામ કરવામાં આવે તદુપરાંત નવા ૧૯ ચેકડેમ બનાવવા જોઈએ. જેથી પાવાગઢથી વડોદરા સુધી ખૂબ જ તીવ્ર ઝડપથી વડોદરામાં પ્રવેશતા વિશ્વામિત્રીના પાણીના પ્રેશરમાં ઘટાડો થઈ શકે તેમ છે. બેઠકમાં કોર્પોરેશન દ્વારા રજુ થયેલી માહિતી મુજબ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વર્ષ-૨૦૨૪ના અહેવાલ પ્રમાણે વિશ્વામિત્રી નદીના પાણીનું મહત્તમ બીઓડી લેવલ ૮ એમજી પ્રતિ લિટર નોંધાયું છે, જે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ધોરણો મુજબ પ્રદૂષિત નદીઓની પ્રાયોરિટી-૪ શ્રેણીમાં આવે છે. જોકે વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન નદીના પાણીની ગુણવત્તામાં આંશિક સુધારો નોંધાયો હોવાનું બેઠકમાં જણાવાયું હતું.

મહાનગરપાલિકાએ વિશ્વામિત્રી નદીમાં પ્રવેશતા ડ્રેનેજના ગંદા પાણીના કુલ ૧૬ આઉટફોલ પોઈન્ટ સંપૂર્ણપણે બંધ કરીને ૭૪ એમએલડી ગંદા પાણીનો પ્રવાહ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરી છે. બાકીના પાંચ આઉટફોલ પોઈન્ટમાંથી જતો ૩.૮ એમએલડી ગંદા પાણીનો પ્રવાહ પણ બંધ કરવા માટે ડ્રેનેજ અને વરસાદી લાઈનની કામગીરી હાથ ધરાઈ છે, જે આગામી ચારથી પાંચ મહિનામાં પૂર્ણ કરવાની યોજના છે. નદીના પાણીની ગુણવત્તા પર નજર રાખવા માટે જીપીસીબીના સંકલનથી આઠ સ્થળોએ નિયમિત સેમ્પલિંગ કરવામાં આવી રહ્યું છે. માનવ અધિકાર આયોગની સમિતિએ શહેરના તમામ એસટીપી ૧૦૦ ટકા કાર્યરત રાખી ગંદા પાણીનું સંપૂર્ણ ટ્રીટમેન્ટ સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો હતો. બેઠકમાં રીસેક્શનિંગ અને ડિસિલ્ટિંગ કામગીરીના પરિણામો પણ રજૂ કરાયા હતા. વર્ષ-૨૦૨૪ના પૂર અને કામગીરી બાદના હાઈડ્રોલિક વિશ્લેષણના આધારે કરવામાં આવેલા લાઈવ ડેમોન્સ્ટ્રેશનમાં નદીની સપાટીમાં ૧.૩૩ મીટરનો ઘટાડો નોંધાયો હોવાનું જણાવાયું હતું. તેમજ નદીની વહન ક્ષમતા ૭૫૦ ક્યુમેકથી વધારીને ૧૧૫૦ ક્યુમેક કરવામાં આવી હોવાનું જણાવાયું હતું.

### દેશની ભાવિ પેઢી ઈતિહાસ વિશે જાણશે

## NCERTએ ધો-૯ના પાઠ્યપુસ્તકમાં ઈમરજન્સીના પ્રકરણનો સમાવેશ કર્યો

### ૨૫ જૂન, ૧૯૭૫માં સરકાર દ્વારા આંતરીક અરાજકતાનું કારણ આપી દેશમાં રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એનસીઈઆરટીએ ધોરણ-૯ના અભ્યાસક્રમમાં ઈમરજન્સીના એક પ્રકરણનો સમાવેશ કર્યો છે. જેમાં કટોકટીને ભારતીય લોકશાહીના સૌથી મોટાં પડકારો પૈકીનો એક ગણાવાયો છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ પગલાંને આવકારતાં જણાવ્યું હતું કે, તેનાથી દેશની ભાવિ પેઢીને ભૂતકાળના કાળા કરતૂતો વિશે જાણકારી મળશે.અગાઉ ૨૦૦૭માં યુપીએના કાર્યકાળ દરમિયાન આ પ્રકરણને ધોરણ-૧૨ના અભ્યાસક્રમમાં સમાવાયો હતો. આ વખતે પ્રથમ વખત ધોરણ-૯ના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરાયો છે. સમાજ વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તક ‘અંડરસ્ટેન્ડિંગ સોસાયટીઃ ઈન્ડિયા એન્ડ બિયોન્ડ’માં સમાવેશ આ પ્રકરણના એક ફકરાં અનુસાર, ભારતીય લોકશાહી સામેના સૌથી મોટા પડકારો પૈકીનો એક ૧૯૭૫-૭૭માં જોવા મળ્યો હતો જે વખતે દેશમાં કટોકટી લદાઈ હતી. ૧૯૭૦ના દાયકાના પ્રારંભિક સમયમાં ઈન્દિરા ગાંધીના નેતૃત્વવાળી સરકાર પ્રત્યે નાગરિકોનો અસંતોષ સતત વધી રહ્યો હતો. વધતી બેરોજગારી, મોંઘવારી તથા ગેરવહીવટને કારણે ઠેરઠેર વિરોધ થઈ રહ્યો હતો.

૨૫ જૂન, ૧૯૭૫માં સરકાર દ્વારા આંતરીક અરાજકતાનું કારણ આપી દેશમાં રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવી હતી. આ સમય દરમિયાન દેશના નાગરિકોના મહત્વના મૂળભૂત અધિકારો રદ કરી દેવાયા હતાં. અખબારો પર નિયંત્રણો લાદી અસંખ્ય રાજકીય નેતાઓ અને કાર્યકર્તાઓને જેલમાં ધકેલી દેવાયાં હતાં. પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, એનસીઈઆરટીએ યોગ્ય નિર્ણય લીધો છે.

દેશની ભાવિ પેઢી ભૂતકાળના આ કાળા ઈતિહાસ વિશે જાણશે અને સમજશે તો ભવિષ્યમાં આવી સ્થિતિ ઉભી નહીં થાય. ભાજપના એક પ્રવક્તાના જણાવ્યાં અનુસાર, સત્તાની લાલચને કારણે ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસે દેશમાં કટોકટી લાદી હતી.

### ખેડૂતોમાં ખુશીનો માહોલ

## અમરેલીના સાવરકુંડલા પંથકમાં બપોર બાદ ધોધમાર વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. જિલ્લાના સાવરકુંડલા પંથક અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં શુક્રવારે (૨૬ જૂન) બપોર પછી મેઘરાજાએ ધોધમાર બેટિંગ શરૂ કરી દીધી છે. માત્ર એક જ દિવસના ટૂંકા વિરામ બાદ ફરી એકવાર વરસાદનું જોરદાર પુનરાગમન થતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે અને અસહ્ય બફારાથી લોકોને મોટી રાહત મળી છે.સાવરકુંડલા તાલુકાના અનેક ગ્રામીણ વિસ્તારોમાં બપોર બાદ આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ખાસ કરીને દોલતી, મેરીયાણા, ચીખલી અને ગોરડકા સહિતના ગામોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. આ સિવાયના અન્ય આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો છે.ચોમાસાની સીઝનમાં એક દિવસના વિરામ બાદ ફરીથી અમરેલીના ગ્રામીણ વિસ્તારોમાં વરસાદી રાઉન્ડ શરૂ થતાં જગતનો તાત હરખાયો છે. આ વરસાદ ખેતીના પાક માટે ખૂબ જ અમૃત સમાન ગણાતો હોવાથી સાવરકુંડલા પંથકના ખેડૂતોમાં ભારે ખુશી અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

## પંચાયતોની મુદત પુરી છતાં સરપંચોને સત્તા આપવાનો સરકારે નિર્ણય કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશમાં ગ્રામ પંચાયતોની મુદત પૂરી થયા બાદ સરપંચોને જ પ્રશાસક તરીકે નિયુક્ત કરવાના સરકારના નિર્ણયને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. આ અરજી પર સુનાવણી કરતા હાઈકોર્ટે મહત્વની ટિપ્પણી કરી છે કે, સરપંચોને પ્રશાસક તરીકે પદ પર ચાલુ રાખવાની મંજૂરી આપી શકાય નહીં. જો કે, જસ્ટિસ સિદ્ધાર્થ નંદનની સિંગલ બેન્ચે હજુ સુધી આ મામલે કોઈ વચગાળાનો સ્ટે આપ્યો નથી. અલ્હાબાદ હાઈકોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, સરપંચોને પ્રશાસક નિયુક્ત કરવા એ ડિવિઝન બેંચના અગાઉના આદેશનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, જે અદાલતની અવમાનના સમાન ગણાય. આ સાથે જ કોર્ટે રાજ્ય સરકારને ઓબીસી કમિશનનો રિપોર્ટ રેકોર્ડ પર લાવવા માટે વિસ્તૃત સોગંદનામું રજૂ કરવા અંતિમ તક આપી છે. અરજીકર્તા અરવિંદ રાઠોડ દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજી પર હવે આગામી સુનાવણી ૧૩ જુલાઈએ બપોરે ૨:૦૦ વાગ્યે હાથ ધરવામાં આવશે. કોર્ટે સરકારને આદેશ આપ્યો છે કે જો કોઈ કમિશનની રચના કરવામાં આવી હોય તો તેની સંપૂર્ણ વિગતો અને ચૂંટણી ક્યારે યોજાશે તેની ચોક્કસ સમયસીમા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે. ઉત્તર પ્રદેશમાં પંચાયતોનો પાંચ વર્ષનો કાર્યકાળ ૨૬ મે ૨૦૨૬ના રોજ સમાપ્ત થઈ ગયો છે. મુદત પૂરી થતા જ સરકારે એક આદેશ જાહેર કરીને જૂના સરપંચોને જ પ્રશાસક તરીકે વહીવટી જવાબદારી સોંપી દીધી હતી. આ અરજીમાં સરપંચોને પ્રશાસક પદેથી હટાવીને વહેલી તકે ત્રિસ્તરીય પંચાયત ચૂંટણીઓ યોજવાની માંગ કરવામાં આવી છે.

વાસ્તવમાં યુપીમાં પંચાયત ચૂંટણીઓ મે મહિનામાં જ પ્રસ્તાવિત હતી પરંતુ ૧૨ જૂન સુધી મતદારયાદી પ્રસિદ્ધ ન થઈ શકવાના કારણે ચૂંટણી સમયસર યોજી શકાઈ નહોતી. આ ઉપરાંત પંચાયત ચૂંટણીમાં ઓબીસી અનામત નક્કી કરવા માટે પછાત વર્ગ આયોગની રચના કરીને તેને ૬ મહિનાનો સમય આપવામાં આવ્યો છે, જે દરેક જિલ્લાની સામાજિક અને આર્થિક સ્થિતિની સમીક્ષા કરી રહ્યો છે. યોગી સરકારે ઓબીસી કમિશનનો ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી વહીવટી તૂટ ન સર્જાય તે માટે સરપંચોને જ પ્રશાસક બનાવીને સત્તા સોંપી દીધી હતી. સરકારની આ નીતિ ડિવિઝન બેંચના નિયમો વિરુદ્ધ હોવાનું કહીને હાઈકોર્ટમાં તેને પડકારવામાં આવી છે, જેના પર હવે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# લખનઉ સ્ટેશન પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર્ કામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનોનો માર્ગ પરિવર્તિત

ઉત્તર રેલવેના લખનઉ સ્ટેશન પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ હેઠળ ઓએચઈ (OHE) ફેરફાર કામ માટે બ્લૉકને લીધે કેટલીક ટ્રેનોનો માર્ગ હંગામી ધોરણે પરિવર્તિત રહેશે. સાથે જ કેટલીક ટ્રેનોને વૈકલ્પિક સ્ટેશનો પર વધારાનું હોલ્ટ પણ આપવામાં આવશે.

આ ટ્રેનોની વિહગતો નીચે મુબ છે :

૦૧. ટ્રેન નંબર ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૨૭ જૂનથી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ કાનપુર સેન્ટ્રલ-લખનઉ-બારાબંકીને બદલે પરિવર્તિત માર્ગ કાનપુર સેન્ટ્રલ-એશબાગ-મલ્હૌર-બારાબંકીના રસ્તે ચાલશે.

૦૨. ટ્રેન નંબર ૧૫૬૬૮ કામાખ્યા-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૦૧ જુલાઈથી ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ બારાબંકી-લખનઉ-કાનપુર સેન્ટ્રલને બદલે પરિવર્તિત માર્ગ બારાબંકી-મલ્હૌર-એશબાગ-કાનપુર સેન્ટ્રલના રસ્તે ચાલશે.

૦૩. ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ તારીખ ૨૬ જૂનથી ૧૦ જૂલાઈ, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ માનકનગર-લખનઉ-મલ્હૌરને બદલે પરિવર્તિત માર્ગ માનકનગર-એશબાગ-મ્લહૌરના રસ્તે ચાલશે. આ દરમિયાન એશબાગ અને બાદશાહનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૦૪.ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ સ્પેશિયલ તારીખ ૨૯ જૂન અને ૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ નિર્ધારિત માર્ગ મલ્હૌર-લખનઉ-માનક નગરને બદલે પરિવર્તિત માર્ગ મલ્હૌર-એશબાગ-માનક નગરના રસ્તે ચાલશે. આ દરમિયાન એશબાગ અને બાદશાહનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૦૫.ટ્રેન નંબર ૧૯૪૦૯ સાબરમતી-ગોરખપુર દ્વિ સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૧૧ જુલાઈથી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ માનકનગર-લખનઉ-મલ્હૌરને બદલે પરિવર્તિત માર્ગ માનકનગર-એશબાગ-મ્લહૌરના રસ્તે ચાલશે. આ દરમિયાન એશબાગ અને બાદશાહનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૦૬. ટ્રેન નંબર ૧૯૪૧૦ ગોરખપુર-સાબરમતી દ્વિ સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૧૧ જુલાઈથી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ બારાબંકી-લખનઉ-માનક નગરને બદલે પરિવર્તિત માર્ગ બારાબંકી-મલ્હૌર-એશબાગ-માનક નગરના રસ્તે ચાલશે. આ દરમિયાન બાદશાહનગર અને એશબાગ સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૦૭. ટ્રેન નંબર ૧૫૨૭૦ સાબરમતી- મુજફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ તારીખ ૧૧ જુલાઈથી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ કાનપુર સેન્ટ્રલ-લખનઉ-બારાબંકીને બદલે પરિવર્તિત માર્ગ કાનપુર સેન્ટ્રલ-એશબાગ-મલ્હૌર-બારાબંકીના રસ્તે ચાલશે. આ દરમિયાન એશબાગ અને બાદશાહનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૦૮. ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૨૬ જૂનથી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ કાનપુર સેન્ટ્રલ-લખનઉ-બારાબંકીને બદલે પરિવર્તિત માર્ગ કાનપુર સેન્ટ્રલ-એશબાગ-મલ્હૌર-બારાબંકીના રસ્તે ચાલશે.

૦૯. ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૨૯ જૂનથી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ બારાબંકી-લખનઉ-કાનપુર સેન્ટ્રલને બદલે પરિવર્તિત માર્ગ બારાબંકી-મલ્હૌર-એશબાગ-કાનપુર સેન્ટ્રલ ના રસ્તે ચાલશે.

૧૦. ટ્રેન નંબર ૧૯૧૬૮ વારાણસી સિટી-અમદાવાદ (સાબરમતી) એક્સપ્રેસ તારીખ ૨૬ જૂનથી ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ મલ્હૌર-લખનઉ-માનક નગરને બદલે પરિવર્તિત માર્ગ મલ્હૌર-એશબાગ-માનક નગરના રસ્તે ચાલશે. આ દરમિયાન એશબાગ અને બાદશાહનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૧૧. ટ્રેન નંબર ૧૯૧૬૬ દરભંગા-અમદાવાદ (સાબરમતી) એક્સપ્રેસ તારીખ ૨૭ જૂનથી ૧૧ જુલાઈ, ૨૦૨૬ સુધી પોતાના નિર્ધારિત માર્ગ મલ્હૌર-લખનઉ-માનક નગરને બદલે પરિવર્તિત માર્ગ મલ્હૌર-એશબાગ-માનક નગરના રસ્તે ચાલશે. આ દરમિયાન એશબાગ અને બાદશાહનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૧૨. ટ્રેન નંબર ૨૦૯૪૦ સુલ્તાનપુર-સાબરમતી સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૧ અને ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ ઉતરેટિયા-લખનઉ-આલમનગરને બદલે પરિવર્તિત માર્ગ ઉતરેટિયા-ટ્રાન્સપોર્ટ નગર-આલમનગરના રસ્તે ચાલશે. આ દરમિયાન ઉતરેટિયા અને આલમનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

૧૩. ટ્રેન નંબર ૨૦૯૬૪ વારાણસી-સાબરમતી સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ ૨૭ જૂન તથા ૪, ૧૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ ઉતરેટિયા-લખનઉ-આલમનગરને બદલે પરિવર્તિત માર્ગ ઉતરેટિયા-ટ્રાન્સપોર્ટ નગર-આલમનગરના રસ્તે ચાલશે. આ દરમિયાન ઉતરેટિયા અને આલમનગર સ્ટેશનો પર વધારાનું હોલ્ટ આપવામાં આવશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાના યાત્રા પ્રારંભ કરે. ટ્રેનોના હોલ્ટ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ–પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ–પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છે: ● ટ્રેન નં. ૦૯૪૪૭ અમદાવાદ– પટના સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૪ જૂન, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૦૧ જુલાઈ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

● ટ્રેન નં. ૦૯૪૪૮ પટના–અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૬ જૂન, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૩ જુલાઈ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન સંખ્યા ૦૯૪૪૭ના વિસ્તૃત ફેરા માટે બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov પર મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ રેલવે દ્વારા મણિનગર–મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા તેમની વધતી મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને મણિનગર–મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં. ૦૯૦૮૨/૦૯૦૮૧ મણિનગર–મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ (૧૦ ફેરા)

● ટ્રેન નં. ૦૯૦૮૨ મણિનગર–મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ, જે અગાઉ ૨૬ જૂન, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેના ફેરા હવે ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.

● ટ્રેન નં. ૦૯૦૮૧ મુંબઈ સેન્ટ્રલ–મણિનગર સ્પેશિયલ, જે અગાઉ ૨૫ જૂન, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેના ફેરા હવે ૩૦ જુલાઈ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેન સંખ્યા ૦૯૦૮૨ તથા ૦૯૦૮૧ના વિસ્તૃત ફેરા માટે બુકિંગ ૨૭ જૂન, ૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા "ઈઝ્ઝ વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov પર મુલાકાત લઈ શકે છે.

# મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ભાવનગર–સુરેન્દ્રનગર ગેટ સેક્શનનું વિન્ડો ટ્રેલિંગ અને સંરક્ષા નિરીક્ષણ કર્યું






પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ શુક્રવાર, ૨૬ જૂન, ૨૦૨૬ના રોજ ભાવનગર પરા થી સુરેન્દ્રનગર ગેટ સ્ટેશન સુધી વિસ્તૃત વિન્ડો ટ્રેલિંગ તથા સંરક્ષા નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે ખોડિયાર મંદિર, સોનગઢ, બજૂદ, સણોસરા, ધોળા, બોટાદ, લીંબડી તથા સુરેન્દ્રનગર ગેટ સ્ટેશનોનું સંરક્ષા, સંચાલન, આધારભૂત માળખું અને યાત્રી સુવિધાઓના દૃષ્ટિકોણથી સઘન અવલોકન કર્યું.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે આ રેલખંડમાં ચાલી રહેલા વિવિધ બાંધકામ કાર્યોની વિશેષ સમીક્ષા કરી. તેમણે બાંધકામ કાર્યોની ગુણવત્તા, નિર્ધારિત સલામતી ધોરણોના પાલન તથા કાર્યોની પ્રગતિનું વિગતવાર મૂલ્યાંકન કરીને સંબંધિત અધિકારીઓને તમામ કાર્યો સમયમર્યાદામાં અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવા સૂચના આપી.

નિરીક્ષણ દરમિયાન શ્રી વર્માએ રેલપથ, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી સહિત રેલવેના વિવિધ આધારભૂત માળખાકીય ઉપકરણોનું પણ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. તેમણે રેલવેની સંપત્તિઓના યોગ્ય જાળવણી તેમજ સલામતી ધોરણોના શત-પ્રતિશત પાલન પર વિશેષ ભાર મૂક્યો. બોટાદ સ્ટેશન ખાતે તેમણે રેલવે કોલોનીનું નિરીક્ષણ કર્યું તેમજ ત્યાં રહેતા રેલવે કર્મચારીઓના પરિવારજનો સાથે સંવાદ કરીને તેમની જરૂરિયાતો અને ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી મેળવી.

મંડળ રેલ પ્રબંધકે સ્ટેશન પરિસરની સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા, પ્રતીક્ષાલય, પ્લેટફોર્મ પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ તથા સુરક્ષા વ્યવસ્થાઓનું પણ અવલોકન કર્યું. તેમણે સંબંધિત અધિકારીઓને યાત્રિયોને સુરક્ષિત, સુગમ અને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ કરાવવા જરૂરી માર્ગદર્શન આપ્યું. નિરીક્ષણ દરમિયાન અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધતા શ્રી વર્માએ જણાવ્યું કે રેલ સંચાલનમાં સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને સલામતીના તમામ ધોરણોનું સંપૂર્ણ પાલન કરવું દરેક રેલકર્મીની સામૂહિક જવાબદારી છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ઉચ્ચ સ્તરની સતર્કતા, વધુ સારા સમન્વય અને કાર્યકુશળતા સાથે પોતાની ફરજો નિભાવવાનો આહ્વાન કર્યો.

આ પ્રસંગે ભાવનગર મંડળના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ તથા સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

## બીમારીમાં ઉત્તેજના વધારવાની દવા આપતો

# હવસખોર પતિઃ પોર્ન બતાવી પત્ની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના શાહીબાગ વિસ્તારમાં રહેતી એક પરિણીતા પર સાસરિયાઓ દ્વારા ગુજારવામાં આવતા શારીરિક અને માનસિક ત્રાસની કંપારી છૂટી જાય તેવી ઘટના હાલ પ્રકાશમાં આવી છે. આ મામલે પીડિત પરિણીતાએ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં તેના પતિ, સાસુ અને દિયર વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. લગ્નના માત્ર ૧૫ દિવસ બાદ જ શરૂ થયેલા આ અત્યાચારમાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ અનુસાર, લગ્ન સમયે સાસરિયાઓએ પતિના અગાઉ લગ્ન થઈ ચૂક્યા હોવાની અને તેને એક સંતાન હોવાની હકીકત પરિણીતાથી છુપાવી રાખી હતી. લગ્ન બાદ તરત જ સાસુ અને દિયરે દહેજ બાબતે મેણાં-ટોણાં મારવાનું શરૂ કર્યું હતું. પરિણીતા ગર્ભવતી હોવા છતાં તેને પૂરતો આરામ આપવાને બદલે ઘરનું ભારે કામ કરાવાતું હતું. દીકરીના જન્મ બાદ પણ પતિનો ત્રાસ ઓછો થયો નહોતો. પતિ અવારનવાર રાત્રે મોડો આવતો, મહેફિલોમાં જતો અને પત્નીની ઈચ્છા વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધતો હતો. જો પરિણીતા બીમાર હોય, તો તેને ઉત્તેજના વધારવાની દવાઓ આપીને પણ સંબંધ બાંધવા મજબૂર કરાતી અને ઈનકાર કરવા પર ઢોર માર મારવામાં આવતો હતો.

કેટલાક સમય બાદ પરિણીતા ફરીવાર ગર્ભવતી થતાં પતિએ એબોર્શન કરાવી લેવા માટે દબાણ કર્યું હતું અને ધમકી આપી હતી કે, જો એબોર્શન નહીં કરાવે તો તે તલાક આપી દેશે.

ત્રાસથી કંટાળીને પરિણીતા પિયર જતી રહી હતી, પરંતુ તેનો પતિ ત્યાં પણ પહોંચી ગયો હતો અને ગર્ભવતી પત્નીને પેટના ભાગે લાતો મારી બળજબરીથી સાસરીમાં પરત લાવ્યો હતો. સાસુ અને દિયર પણ સતત ટોણા મારતા હતા કે, "તું અમારા છોકરાને ગમતી નથી, આ તો સમાજની રૂએ રાખવી પડે છે, તે અમારું ઘર બગાડ્યું છે, તું તલાક આપીને છૂટી થઈ જા."

પરિણીતાએ તેના પતિને મધ્યરાત્રિએ અન્ય દેશની યુવતીઓ સાથે વીડિયો કોલ પર વાતો કરતો ઝડપી પાડ્યો હતો. પતિ તેને આ યુવતીઓ સાથેના બીભત્સ વીડિયો બતાવીને તે જ પ્રકારે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હતો. પરિણીતાએ ત્રીજી દીકરીને જન્મ આપ્યા બાદ પણ સાસરિયાંનું વલણ બદલાયું નહોતું. જ્યારે પરિણીતાએ પતિના અફેરની વાત સાસુને કરી, ત્યારે સાસુ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝઘડો કરીને પરિણીતાને ઘરની બહાર કાઢી મૂકી હતી. પાંચ મહિના પિયરમાં રહ્યા બાદ જ્યારે તે પાછી આવી, ત્યારે પણ પતિએ પોર્ન વીડિયો બતાવી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવા માટેનું દબાણ ચાલુ રાખ્યું હતું.

હદ તો ત્યારે થઈ જ્યારે પતિએ પરિણીતાને ન્યાય મેળવતા રોકવા માટે ગંભીર ધમકીઓ આપી. તેણે કહ્યું કે, "જો અમારા વિરુદ્ધ કોઈ અરજી કે ફરિયાદ કરી તો તને જાનથી મારી નાખીશું. તું મારું કંઈ બગાડી શકીશ નહીં, પોલીસ મારા હાથમાં છે અને ઊંચી ઓળખાણ હોવાથી બધા પોલીસવાળા મારા ઓળખીતા છે." જો કે, આ તમામ ધમકીઓ છતાં હિંમત હાર્યા વગર પરિણીતાએ મહિલા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે પીડિતાની આપવીતી સાંભળીને સાસરિયાઓ સામે ગુનો નોંધી કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## દારૂની જાણકારી આપવા બદલ પ્રોફેસર પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગરના વિમલ ધોળા નામના PI વિવાદોના ઘેરામાં આવ્યા છે. લુણાવાડાની કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક હર્ષ દવેએ આ PI પર ગંભીર આક્ષેપો કર્યા છે. પ્રોફેસરનો આરોપ છે કે તેમના વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર દારૂના દૂષણ અંગે તેમણે પોલીસને બાતમી આપી હતી, અને આ જ બાતમી આપવી તેમને ભારે પડી ગઈ છે! મહીસાગર જિલ્લામાંથી.

મહીસાગરમાં એક પ્રોફેસરે પોલીસ ઈન્સ્પેક્ટર (PI) પર સનસનીખેજ અને અત્યંત ગંભીર આરોપ લગાવ્યા છે. ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટીના સરકાર દ્વારા નિયુક્ત થયેલા ઈઝ મેમ્બર અને લુણાવાડાની કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક એવા હર્ષ દવેએ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. પ્રોફેસર હર્ષ દવેનો આરોપ છે કે, મહીસાગરના PI વિમલ ધોળાના ઈશારે તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. પીડિત પ્રોફેસરના જણાવ્યા અનુસાર, તેમણે તેમના વિસ્તારમાં ચાલતા દારૂના દૂષણ અંગે પોલીસને જાણ કરી હતી. દારૂની હેરાફેરીની બાતમી આપી હતી. પરંતુ આ જ માહિતી આપવી તેમને ભારે પડી ગઈ. દારૂની બાતમી આપ્યા બાદ PI વિમલ ધોળાના ઈશારે જ તેમની સાથે બેરહેમીથી મારપીટ કરવામાં આવ્યો પ્રોફેસર હર્ષ દવેનો દાવો છે કે, જ્યારે તેમને ધમકીઓ મળી રહી હતી ત્યારે તેમણે આ અંગે જિલ્લા પોલીસ વડા (SP) સુધી ગુહાર લગાવી હતી. પરંતુ તંત્રની નિષ્ક્રિયતાને કારણે હુમલાખોરો બેફામ બન્યા અને લાકડીઓ અને કડા વડે તૂટી પડ્યા. આ હુમલામાં પ્રોફેસરને માઈનોર હેમરેજ જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે અને તેઓ હાલ અમદાવાદની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને જિંદગીની સાથે ન્યાય માટે પણ જંગ લડી રહ્યા છે. આ ઘટનાને લઈને અનેક સવાર ઉભા થવા સ્વાભાવિક છે. કે શું મહીસાગર પોલીસ પોતાના જ PI વિમલ ધોળા સામે કોઈ કડક તપાસ કરશે? શું ઉચ્ચ અધિકારીઓ આ મામલે તટસ્થ તપાસ કરીને પ્રોફેસર હર્ષ દવેને ન્યાય અપાવશે?

## સ્કૂટર પર અંગ્રેજી દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં પોલીસે પાર્ક કોલોની ગાર્ડન પાસેથી ૨ દારૂના ધંધાર્થીઓને ઝડપી પાડ્યા છે. ૨૫ જૂન ૨૦૨૬ના રોજ રાત્રે દરોડો પાડી ધાર્મિક સરવૈયા અને પૃથ્વી વારાને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪ બોટલ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે કુલ રૂ. ૩૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી, બંને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગર શહેરના પાર્ક કોલોની ગાર્ડન નજીક પોલીસે દરોડો પાડી અંગ્રેજી દારૂની હેરફેર કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, તા. ૨૫ જૂન ૨૦૨૬ના રોજ રાત્રે પાર્ક કોલોની ગાર્ડન પાસે જાહેરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન આરોપી ધાર્મિક હર્ષદભાઈ સરવૈયા અને પૃથ્વી જેન્તીભાઈ વારાને ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરફેર કરતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.

## થરામાં આખલાનો આતંક

# હડકવાગ્રસ્ત આખલાના આતંકથી એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના મુખ્ય મથક એવા થરા શહેરમાંથી રખડતા અને વિફરેલા પશુઓનો ત્રાસ દર્શાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. થરાના ઈન્દિરા નગર વિસ્તારમાં એક હડકવાગ્રસ્ત આખલાએ ભારે આતંક મચાવ્યો હતો.

આ વિફરેલા અને હડકાયા થયેલા આખલાએ રસ્તા પરથી સામાન્ય રીતે પસાર થઈ રહેલા એક નિર્દોષ યુવક પર અચાનક ધસી જઈને જીવલેણ હુમલો કરી દીધો હતો. આ હુમલો એટલો જોખમી હતો કે આખલાની અડફેટે આવવાના કારણે યુવાન રોડ પર પટકાયો હતો અને તેને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને પગલે ઈન્દિરા નગર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને સ્થાનિક રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. લોકો પોતાના ઘરના દરવાજા બંધ કરવા મજબૂર બન્યા હતા.

હુમલા બાદ લોહીલુહાણ થયેલા ઘાયલ યુવકને આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ્યો હતો અને લોક મદદથી તેને વધુ વિલંબ કર્યા વિના સારવાર અર્થે થરાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તબીબો દ્વારા તેની સારવાર કરવામાં આવી રહી છે. હડકવાગ્રસ્ત આખલો સતત વધુ હિંસક બની રહ્યો હોવાથી સ્થાનિક લોકોએ તાત્કાલિક વિસ્તારના જાગૃત ગૌસેવકોને આ અંગે જાણ કરી હતી. માહિતી મળતા જ ગૌસેવકોનો કાફલો દોરડા અને અન્ય જરૂરી સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. હડકવાગ્રસ્ત અને વિફરેલા આખલાને પકડવો અત્યંત જોખમી હોવા છતાં, ગૌસેવકોએ પોતાની જાનના જોખમે ભારે જહેમત ઉઠાવીને આખરે આખલાને ચારેયબાજુથી ઘેરીને સફળતાપૂર્વક કાબૂમાં લીધો હતો અને તેનું રેસ્ક્યૂ કર્યું હતું.

## વરસાદી પાણી ટપકતું રોકવા છત પર ચઢ્યો હતો યુવાન

# છત પર પ્લાસ્ટિક ઢાંકવા ચઢેલા યુવાનનું નીચે પટકાતા કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

ચોમાસાની શરૂઆત થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં કાચા મકાનોને વરસાદથી બચાવવાની મથામણ વચ્ચે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બાહી ગામે પોતાના ઘરને વરસાદી પાણીથી બચાવવા માટે મકાનની છત પર તાડપત્રી (પ્લાસ્ટિક) ઢાંકવા ચઢેલા ૧૯ વર્ષના એક આશાસ્પદ યુવાનનું નીચે પટકાઈ જતાં મોત નીપજ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, બાહી ગામે રહેતો ૧૯ વર્ષીય ઉમેશકુમાર વણકર પોતાના પરિવાર સાથે કાચા મકાનમાં રહેતો હતો. હાલમાં પંથકમાં વરસી રહેલા વરસાદને કારણે તેમના કાચા મકાનની છતમાંથી પાણી ટપકતું હતું. ઘરમાં સરસામાન પલળે નહીં તે હેતુથી, મકાનની છતને સુરક્ષિત કરવા માટે ઉમેશકુમાર પ્લાસ્ટિકની તાડપત્રી ઢાંકવા માટે ઉપર ચઢ્યા હતા. છત પર તાડપત્રી બાંધતી વખતે અચાનક જ ઉમેશકુમારે પોતાનું શારીરિક સંતુલન ગુમાવી દીધું હતું અને તે ઊંચાઈ પરથી નીચે જમીન પર પટકાયા હતા. પથ્થર કે કડક જમીન પર પટકાવાના કારણે યુવાનને માથાના ભાગે અત્યંત ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાથી આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં તેને બચાવવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ માથાના ભાગે ગંભીર ઈજાના કારણે આશાસ્પદ યુવાને ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. માત્ર ૧૯ વર્ષની નાની ઉંમરે ઘરની જવાબદારી સંભાળતા જુવાનજોધ દીકરાના આકસ્મિક મોતથી પરિવાર સહિત બાહી ગામમાં માતમ છવાઈ ગયો છે.

**પશ્ચિમ રેલ્વે**

રદ કરવાની સૂચના

ટેન્ડર સૂચના નંબર S&T/C/BRC/156/2025-26 તારીખ: 08.06.2026, ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી છે.

0316

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

રદ કરવાની સૂચના

ટેન્ડર સૂચના નંબર S&T/C/BRC/154/2025-26 તારીખ: 08.06.2026, ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી છે.

0314

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

ટૉ વૉલ સહિત વધારાના ઓપનિંગ (3.0M X 2.0M) ની જોગવાઈ

ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૦ વર્ષ ૨૦૨૬-૨૭ તા.૨૫/૦૬/૨૦૨૬

ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૬-૨૭-ઈ-૨૨

**કામનું નામ :** રાજકોટ ડિવિઝન :- સિની. ડીઈએન (પૂર્વ)-રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ વાવણીયા-માળીયા મિયાણા સેક્શન વચ્ચે કિ.મી. ૨૨/૪ થી ૨૪/૧-૨ ખાતે ૦૬ બ્રિચીઝ લૉકેશનો ખાતે ટૉ વોલ સહિત વધારાના ઓપનિંગ (3.0M X2.0M) ની જોગવાઈ. **NITની અંદાજીત પડતરઃ** ₹ ૧૫,૫૪,૮૨,૩૦૧.૦૪ **અર્નેસ્ટ મનીઃ** ₹ ૩૧,૦૯,૭૦૦.૦૦ **ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૧૭-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. વેબસાઈટઃ www.ireps.gov.in

RJT-061

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે દ્વારા મુંબઇ સેન્ટ્રલ ⇌ મણિનગર વચ્ચેની સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સ લંબાવવામાં આવશે.**

| ટ્રેન નં. | મૂળ અને ગંતવ્ય સ્ટેશનો | સેવાનો દિવસ | થી વિસ્તૃત |
|---|---|---|---|
| 09081 | મુંબઈ સેન્ટ્રલ - મણિનગર | ગુરુવાર | 30.07.2026 |
| 09082 | મણિનગર - મુંબઈ સેન્ટ્રલ | શુક્રવાર | 31.07.2026 |

સમય, સ્ટોપ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નં. 09081 અને 09082 ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ તા.27.06.2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે

wr.indianrailways.gov.in

અમને લાઈક અને ફોલો કરો: facebook.com/WesternRly | X.com/WesternRly | Instagram.com/WesternRly | https://www.youtube.com/@WesternRly | https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખો.

# જો તમે ખરેખર ભારતીય નાગરિક છો તો ભારત સરકારને એની ખાત્રી કરાવવી પડશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં રોજ સવાર પડે અને પ્રજાનું ટેન્શન વધે છે કારણ કે ભાજપ સરકારના રાજમાં રોજ નવા નવા ગતકડા પેદા થતા દેશના નાગરિક હવે ગર્ભિત ભયથી જાણે કે પીડાઈ રહ્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. કારણ કે સરકારી સૂત્રોએ ગુરુવારે PTI ને જણાવ્યું કે, પાસપોર્ટ ક્યારેય નાગરિકતા નો પુરાવો રહ્યો નથી. વિદેશ મંત્રાલયના અધિકારીઓએ એક પ્રેસ બ્રિફિંગમાં આ જ વાત કહી હતી.

પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ મુજબ, પાસપોર્ટ બિન- નાગરિકોને પણ આપી શકાય છે. સૂત્રોએ જણાવ્યું કે ગઈકાલે એવું નક્કી કરવામાં આવ્યુ ન હતું કે પાસપોર્ટ નાગરિકતા નો પુરાવો નથી. છેલ્લા બાર વર્ષમાં પણ એવું નક્કી કરવામાં આવ્યું ન હતું. પાસપોર્ટ ક્યારેય નાગરિકતા નો પુરાવો રહ્યો નથી.

જ્યારે અગાઉના હાઈકોર્ટના ચુકાદાઓમાં એવું કહેવામાં આવ્યું છે કે આધાર, પાનકાર્ડ અથવા તો મતદાર ઓળખ પત્ર પણ નાગરિકતા નો પુરાવો નથી. ૨૦૧૯ માં રાષ્ટ્રીય નાગરિક રજીસ્ટર પરના પ્રશ્ન અને જવાબમાં પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોએ લખ્યું હતુ કે કોઈપણ વ્યક્તિની નાગરિકતા, નાગરિકતા ના નિયમો, ૨૦૦૯ ના આધારે નક્કી કરવામાં આવે છે. આ નિયમો નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ પર આધારિત છે. આ નિયમ જાહેરમાં બધાની સામે છે.

કોઈપણ વ્યક્તિ માટે ભારતના નાગરિક બનવાની આ પાંચ રીતો છે.(૧) જન્મ દ્વારા નાગરિકતા (૨) વંશ દ્વારા નાગરિકતા (૩) નોંધણી દ્વારા નાગરિકતા (૪) કુદરતી કરણ દ્વારા નાગરિકતા (૫) નિગમ દ્વારા નાગરિકતા. આ રીતે ભારતીય નાગરિક હોવા માટે ઉપર મુજબના અધિકૃત પુરાવાઓ હોય તો તમે ભારતીય નાગરિક કહેવાઓ. આ બાબતે રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે પણ સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, તો પછી કયો દસ્તાવેજ નાગરિકતા નો પુરાવો છે?

છેલ્લે તૃણમૂલ સાંસદ મહુઆ મોઈત્રાએ X (અગાઉ ટિવટર)પણ લખ્યું કે એવું લાગે છે કે આજે ભારતીય નાગરિકતા નો એકમાત્ર પુરાવો હિન્દુ હોવું અને ભાજપના મતદાર હોવું એ બંને જરૂરી છે બીજું કંઈ કામ લાગશે નહીં.

### સત્તાના નશામાં મનમાની કરનારાઓ સાવધાન!!

# સુરતના નાસિર નગર ડિમોલિશન મામલે હાઈકોર્ટ લાલઘૂમ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજ્ય સહિત દેશભરમાં ચર્ચાસ્પદ બની ટોક ઓફ ધ ટાઉન બનેલા સુરતના નાસિર નગર ડિમોલિશન મામલામાં સત્તાધારીઓએ મનમાની કરી ગરીબોને ઘરથી બેઘર કરતા હવે હાઈકોર્ટે આકરું વલણ અપનાવતા SMC સહિત પોલીસ ખાતામાં ખડભડાટ મચી જવા પામ્યો છે.

ગુજરાત હાઈકોર્ટે વેધક સવાલ કરતાં જણાવ્યું કે ડિમોલિશન અંગે સુરત પોલીસ કમિશનરે ફરિયાદ કેમ ન લીધી? આ ગંભીર બાબત માટે રાજ્ય સરકાર પણ જવાબદાર બને છે. સાથે ટોરેન્ટ પાવર અને DCP નકુમ પણ એટલા જ જવાબદાર છે.

નાસિનગર ડિમોલિશન મામલે ૨૬ અરજદારો ધ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં રાજ્ય,SMC, સુરત પોલીસ કમિશનર, SOG ના DCP રાજદીપસિંહ નકુમ,પોલીસ અને SMC ના કર્મચારીઓ તેમજ ટોરન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. ઉપરાંત હાઈકોર્ટે કહ્યું કે જો SOG ના ડીસીપી (રાજદીપસિંહ નકુમ) ત્યાં ગેરકાનૂની રીતે હાજર હતા તો આવતી મુદતે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય. કારણ કે આ ડિમોલિશન કોઈપણ નોટિસ, રજૂઆતની તક કે પંચનામા વગર સુરતના નાસિર નગરમાં SMC દ્વારા ૧૫૦ થી વધુ મકાનો ૩૦ મેના રોજ તોડી પાડવામાં આવ્યા હતા.

હાઈકોર્ટે પૂછ્યું હતું કે, આ ડિમોલિશન SMC દ્વારા કરાયું તેવું તમે કેવી રીતે કહી શકો? અરજદારો વતી જવાબ અપાયો હતો કે, ડિમોલિશન સમયે ઘટના સ્થળે SMCના અધિકારીઓ અને ૨૦ થી ૨૫ પોલીસ અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ હાજર હતા. વધુમાં કોર્ટે કહ્યું હતું કે સુરત શહેર પોલીસ કમિશનર જવાબ આપે કે ડિમોલિશન SMC એ કર્યું કે બીજા કોઈ વ્યક્તિએ? જો SOG ના DCP કાયદેસર હાજર હતા તો તેમણે કોર્ટમાં હાજર રહેવાની જરૂર નથી. સાથે ટોરેન્ટ પાવર પણ જણાવે કે કોના આદેશથી તેઓ નાસિર નગરના વીજ કનેક્શન કાપેલા? આમ સંવેદશીલ બનેલા આ મુદ્દા અંગે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર તેમની પાસે પાવર છે. ઓથોરિટી પાસેથી કોર્ટને ચોક્કસ જવાબ જોઈએ. ૨૯ જૂનના સોમવારના રોજ સવારે સૌથી પહેલા આ અરજી ઉપર સુનાવણી યોજાશે. જેમાં ટોરેન્ટ પાવર ના વકીલ પણ ઉપસ્થિત રહેશે. આમ આખરે ગરીબોની વાત કોર્ટે સાંભળી ખરી.

### રખડતાં ઢોરના ત્રાસ સામે પોલીસ એક્શનમાં

# કમિશનરે બહાર પાડ્યું જાહેરનામું, નિયમ તોડ્યો તો જેલભેગા થશો

### અમદાવાદમાં રખડતા ઢોરના ત્રાસને રોકવામાં કોર્પોરેશન નિષ્ફળ રહ્યું હોવાના આક્ષેપો વચ્ચે હવે શહેર પોલીસ મેદાને આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં રખડતા ઢોરોના કારણે સર્જાતા અકસ્માતો અને નિર્દોષ નાગરિકોની જાનહાનિના વધતા કિસ્સાઓને રોકવા માટે હવે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની નિષ્ફળતા અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે હવે શહેર પોલીસ વડાએ પોતે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જી.એસ.મલિક (I.P.S.) દ્વારા એક વિશેષ જાહેરનામું બહાર પાડીને પશુ માલિકો સામે કડક કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે. નાગરિકોની સુરક્ષા અને ટ્રાફિકની સમસ્યાના કાયમી નિવારણ માટે પોલીસ કમિશનરે ગુજરાત પોલીસ અધિનિયમ 1951 ની કલમ ૩૩(૧)(બી)(સી)(ઈ) અન્વયે સત્તાવાર આદેશ જારી કર્યો છે. આ આદેશ હેઠળ અમદાવાદના કેટલાક વિસ્તારોને સંપૂર્ણપણે પશુમુક્ત બનાવવાની દિશામાં કવાયત શરૂ કરાઈ છે.

નવા જાહેરનામા અનુસાર, અમદાવાદના ચોક્કસ વિસ્તારોને નો-કેટલ ઝોન (No-Cattle Zone) અને કેટલ ફ્રી એરિયા (Cattle Free Area) તરીકે ઘોષિત કરવામાં આવ્યા છે. પ્રાથમિક તબક્કે રામોલ, વસ્ત્રાલ અને હાથીજણ જેવા વિસ્તારોને આ ઝોન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ પ્રતિબંધિત વિસ્તારોમાં કોઈપણ પશુ માલિક પોતાના પશુઓને જાહેરમાં રખડતા મૂકી શકશે નહીં.

જાહેરનામામાં પશુ માલિકો માટે માર્ગદર્શિકા જાહેર કરતા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આગામી ૬૦ દિવસની અંદર તમામ પશુ માલિકોએ પોતાના પશુઓનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે. દરેક પશુ પર RFID (Radio Frequency Identification) ચીપ અને ટેગ લગાવવાના રહેશે, જેથી પશુ કોનું છે તેની તુરંત ઓળખ થઈ શકે. જો પશુની માલિકીમાં ફેરફાર થાય, તેનું વેચાણ થાય કે પશુનું મૃત્યુ થાય, તો તેની જાણ કોર્પોરેશનને કરવી ફરજિયાત રહેશે.

પશુઓ રસ્તા પર એકઠા ન થાય તે માટે આ જાહેરનામામાં અન્ય એક મહત્વનો નિર્ણય લેવાયો છે. અમદાવાદના જાહેર રસ્તાઓ પર ઘાસચારાના વેચાણ કરવા પર અને જાહેરમાં પશુઓને ઘાસ નીરવા (નાખવા) પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. જો કોઈ પણ પશુ માલિક આ નિયમોનું ઉલ્લંઘન કરતા પકડાશે, તો તેમની સામે પોલીસ ફરિયાદ (FIR) નોંધીને જાહેરનામા ભંગ હેઠળ કડક કાયદેસરના પગલાં લેવાશે. આ સમગ્ર ઝુંબેશને સફળ બનાવવા માટે અમદાવાદ શહેર પોલીસ અને AMCનો ઢોર ત્રાસ અંકુશ વિભાગ (CNCD) સંયુક્ત રીતે સંકલન કરીને કામ કરશે.

# બોરસદના વાસણા ગામના યુવક અને સાળા સાથે લંડનના વિઝાના નામે રૂ.૧૧.૫૩ લાખની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના વાસણા ગામે રહેતા યુવક અને ગામમાં જ રહેતા તેના સાળાને પેટલાદના ધૈર્યપુરા અને મુંબઈના બે શખ્સોએ લંડન ખાતે વર્ક વિઝા પર મોકલવાનું જણાવીને બંને પાસેથી રૂ.૧૧,૫૩,૫૨૬ની રકમ પડાવી લીધા હતા. તેમને સ્કોટલેન્ડ-લંડન નહીં મોકલીને તેમજ નાણાં પરત નહીં આપી છેતરપિંડી કર્યાની ફરિયાદ બોરસદ શહેર પોલીસમથકમાં નોંધાઈ છે. બોરસદ તાલુકાના વાસણા ગામે દિપકભાઈ મહેન્દ્રભાઈ પરમાર પોતાના પત્ની, બે સંતાનો સહિતના પરિવાર સાથે રહે છે અને આણંદ ખાતે આઈડીએફસી બેંકમાં નોકરી કરી જીવન ગુજરાન ચલાવે છે. ગત વર્ષ-૨૦૨૧માં દિપકભાઈએ પોતાના ગામમાં જ રહેતા સાળા અંકુરભાઈ પુનમભાઈ ચાવડા અને આણંદના વલાસણ ગામે રહેતા સાહિલ ઈરફાનભાઈ વ્હોરા વિદેશમાં લંડન અથવા સ્કોટલેન્ડ જવા અંગે વાતચીત કરી હતી. અને દીપકભાઈની સાળી તેજલબેન પુનમભાઈ ચાવડા થકી પેટલાદના ધૈર્યપુરા ગામે રહેતા મુબીન કમરૂમીયા મલેક તેમજ મુંબઈ (સીટી કેશન નિકેતન કાર્ટર રોડ જૈન મંદિર સામે, બોરીવલી ઈસ્ટ) ખાતે રહેતા ધવલ મહેન્દ્રભાઈ દોશી સાથે સંપર્ક થયો હતો. દિપકભાઈને તેઓની સાળીએ આ બંને જણા વિદેશ મોકલવાનું કામ કરતા હોવાનું જણાવ્યુ હતુ. જેથી તેમનો સંપર્ક કરતા હૈદરાબાદ ખાતે બોલાવતાં દિપકભાઈ પોતાના હાડગુડ ગામે રહેતા મિત્ર પ્રિતેશસિંહ કિરીટસિંહ ઝાલા સાથે હૈદરાબાદ ખાતે ગયા હતા. ત્યાં મોબીન લેવા માટે આવ્યો હતો અને હૈદરાબાદમાં વીએફએસ ગ્લોબલ વિઝા એપ્લિકેશન સેન્ટર મેટ્રો સ્ટેશન પુંજાગુટ્ટા ઓફિસર કોલોની ખાતે આવેલી હૈદરાબાદ તેલંગાણા વિઝા ઓફિસ ખાતે લઈ ગયા હતા. જ્યાં મુંબઈનો ધવલ દોશી મળ્યો હતો અને અસલ પાસપોર્ટ તેમજ અન્ય અસલ કાગળો આપી દેવાનું જણાવ્યું હતું. તે પહેલા દિપકભાઈના સાળા અંકુર અને સાહિલભાઈએ મોબીન અને ધવલને પોતાના અસલ પાસપોર્ટ તેમજ અન્ય અસલ કાગળો ઉપરાંત અંકુરભાઈએ રૂ.૨,૫૫,૮૬૦ની રકમ અલગ અલગ સમયે અને તે પછી દિપકભાઈએ પણ અલગ અલગ ટ્રાન્જેકશન કરીને રૂ.૮,૯૭,૬૬૬ની રકમ આપી દીધી હતી.આ બનાવ અંગે દિપકભાઈ મહેન્દ્રભાઈ પરમારે બોરસદ શહેર પોલીસમથકમાં પેટલાદ ધૈર્યપુરાના મોબીન કમરૂમીયા મલેક અને મુંબઈના ધવલ મહેન્દ્રભાઈ દોશી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ડેમ અને જળાશયોના તળિયા દેખાયા

# જૂનના અંત સુધીમાં રાજ્યમાં વરસાદની અધધ ૭૮ ટકાની ઘટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં સામાન્ય રીતે જૂન મહિનાના મધ્ય સુધીમાં ચોમાસાનું વિધિવત આગમન થઈ જતું હોય છે અને જૂનના અંત સુધીમાં વાવણીની કામગીરી જોરશોરથી શરૂ થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે વૈશ્વિક સ્તરે પેસિફિક મહાસાગરમાં સર્જાયેલી 'અલ નીનો' ની વિપરીત અસરના કારણે ભારતીય ચોમાસાની સિસ્ટમ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. હવામાન વિભાગના લાઈવ આંકડા દર્શાવે છે કે જૂન મહિનાના અંત સુધીમાં ગુજરાતના માથે મોટું આકાશી સંકટ તોળાઈ રહ્યું છે, કારણ કે રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૮% જેટલો ઓછો વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, જૂન મહિનાના અંત સુધીમાં ગુજરાતમાં સરેરાશ ૮૩.૭ MM (મિલીમીટર) એટલે કે આશરે ૩.૩ ઈંચ વરસાદ નોંધાવો એ સામાન્ય પ્રક્રિયા છે. જો કે, આ વખતે સ્થિતિ સદંતર ઉલટી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશના માત્ર ૧૮.૧% એટલે કે માંડ ૦.૭ ઈંચ જેટલો જ છૂટોછવાયો વરસાદ પડ્યો છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે જો આગામી જુલાઈ મહિનામાં પણ મેઘરાજા મન મૂકીને નહીં વરસે, તો રાજ્યમાં પીવાના અને સિંચાઈના પાણીની લાઈવ તંગી સર્જાઈ શકે છે.

આ નહિવત વરસાદના કારણે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક જિલ્લાઓમાં ખેડૂતોએ જે વાવણીની તૈયારીઓ કરી રાખી હતી તે લાઈવ અટકી પડી છે. કેટલાક વિસ્તારોમાં જ્યાં મોંઘા બિયારણ લાવીને વહેલી વાવણી કરી દેવામાં આવી હતી, ત્યાં કૂવા અને બોરના પાણી ખૂટી પડતાં પાક બળી જવાની ભીતિ સેવાઈ રહી છે.

### DGCAનો તપાસનો આદેશ આપ્યાં

# અમદાવાદ એરપોર્ટમાં બે વિમાન અથડાતા રહી ગયા!

### ફ્લાઈટ દ્વારા ખોટો વળાંક લેવામાં આવતાં સંભવિત દુર્ઘટનાની સ્થિતિ સર્જી હોવાનો એરલાઈન્સનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટેક્સી વેમાં બે વિમાન સામ-સામે આવી જતાં મોટી દુર્ઘટના થવાનું જોખમ સર્જાયું હતું. રાહતની વાત એ છે કે, છેલ્લી ઘડીએ દાખવવામાં આવેલી સતર્કતાથી દુર્ઘટના ટળી ગઈ હતી. હવે આ મામલે ડિરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા તપાસના આદેશ અપાયા છે અને દેશભરના એરપોર્ટમાં ટેક્સી વેના ઉપયોગને લઈને સતર્કતા દાખવવા તાકીદ કરાઈ છે.મળતી માહિતી અનુસાર, એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૨૪૯૩ બુધવારે મોડી સાંજે મુંબઈથી અમદાવાદ આવી હતી. એર ટ્રાફિક કન્ટ્રોલ દ્વારા વિમાનને ટેક્સીવે 'સી' અને 'જી' મારફતે સ્ટેન્ડ નંબર ૩૪એલ સુધી જવાની સૂચના આપવામાં આવી હતી. પરંતુ પાયલટની ભૂલને પગલે ટેક્સિંગ દરમિયાન વિમાનને ફાળવવામાં આવેલો ટેક્સી છોડીને વિમાનને ફાળવવામાં આવેલો ટેક્સી વે છોડીને ખોટો વળાંક લીધો હતો. જેના કારણે, મુંબઈ જવા તૈયાર ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૫૧૬૦ સામે આવી ગઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એર ટ્રાફિક કન્ટ્રોલની ટીમે ઈન્ડિગોના વિમાનને રોકી દીધું હતું. બંને વિમાન ૨૦૦ મીટરના અંતરે ઊભા રહ્યા હતા અને જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.એર ઈન્ડિયા દ્વારા પાયલટની ભુલ સ્વીકારવામાં આવી છે. આ ઉપરાંત આટલી ગંભીર બેદરકારી કે ભુલની તપાસ ડીજીસીએ દ્વારા શરૂ કરવામાં આવી છે. ડીજીસીએ દ્વારા તમામ એરપોર્ટ મેનેજમેન્ટને આ બાબતે તકેદારી રાખવા અને આવી ઘટનાનું પુનરાવર્તન થાય નહીં તેની ચોકસાઈ માટે તાકીદ કરાઈ છે. એર ઈન્ડિયા દ્વારા પોતાના નિવેદનમાં ફ્લાઈટ દ્વારા ખોટો વળાંક લઈ લેતા આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. એરપોર્ટ મેનેજમેન્ટનો દાવો છે કે, સમગ્ર ફ્લાઈટ લેન્ડ થાય અને પાર્કિંગ સુધી પહોંચે ત્યા સુધી તેનું નિમયમ એટીસી કરે છે. જેમાં મેનેજમેન્ટની કોઈ ભૂમિકા નથી. બીજી તરફ એટીસી દ્વારા પોતાની સતર્કતાને લઈને દુર્ઘટના ટળી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.સુરક્ષાની દ્રષ્ટિએ આ 'સીરિયસ સેફ્ટી ઈન્સિડેન્ટ' ગણાય છે. કેમકે, જો વિમાનોની ગતિ વધુ હોત અને સમયસર બ્રેક લાગત નહીં તો ટક્કર થઈ શકે તેમ હતી.વિમાન જમીન પર ચાલતું હોય ત્યારે પણ પાયલટ, એર ટ્રાફિક કન્ટ્રોલ, એરપોર્ટ સાઈનેજ, ગ્રાઉન્ડ મૂવમેન્ટ સિસ્ટમ વચ્ચે સંપૂર્ણ સમન્વય જરૂરી હોય છે. આ ઘટના થવા માટે એટીસીની સૂચના ખોટી રીતે સમજવી, ટેક્સી વેની સાઈન ચૂકી જવી, રાત્રે વિઝિબિલિટી ઓછી હોવાથી ટેક્સી વે ઓળખવામાં મુશ્કેલી જેવા કારણ હોય છે.

# વડોદરામાં દારૂ સંતાડવા મકાનની અંદરથી બનાવ્યું વેક્યુમ પ્લેટ વાળું હાઈટેક ગુપ્ત ભોંયરું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

શહેરમાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાના ભાગરૂપે વડોદરા LCB ઝોન-૩ની ટીમે વાઘોડિયા રોડ વિસ્તારમાં એક મોટી અને સફળ રેડ કરી છે. બાતમીના આધારે જાનકી ડુપ્લેક્સમાં આવેલા એક મકાનમાં દરોડો પાડીને પોલીસે કલ્પી ન શકાય તેવું ગુપ્ત ભોંયરું શોધી કાઢ્યું હતું.

આ ભોંયરામાં ગેરકાયદેસર રીતે સંતાડી રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે.

એલ.સી.બી. ઝોન-૩ની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, વાઘોડિયા રોડ પર આવેલા જાનકી ડુપ્લેક્સના એક મકાનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. મકાનની તલાશી દરમિયાન પોલીસને એક ગુપ્ત ભોંયરું મળી આવ્યું હતું, જેને ખોલવા માટે આરોપીઓ ખાસ વેક્યુમ પ્લેટનો ઉપયોગ કરતા હતા. આ ભોંયરાની અંદરથી અલગ-અલગ ૨૪ નામાંકિત બ્રાન્ડની કુલ ૩૨૨ નંગ વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી જપ્ત કરેલા દારૂની કુલ કિંમત રૂ.૩.૨૬ લાખથી વધુ આંકવામાં આવી છે.

આ ગેરકાયદેસર નેટવર્ક ચલાવતા શૈલેષભાઈ શંકરભાઈ કહાર (ઉંમર વર્ષ ૪૪) નામના શખ્સની પોલીસે સ્થળ પરથી જ ધરપકડ કરી લીધી છે.


આ ઉપરાંત પોલીસે આરોપી પાસેથી એક મોબાઈલ ફોન અને ભોંયરું ખોલવા માટે વપરાતી વેક્યુમ પ્લેટ સહિત કુલ રૂ.૩.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક સાગરીત ચેતન ચંદુભાઈ કહારને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ સમગ્ર મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જેતપરના ખેડૂત આંદોલનના ૯મા દિવસે ગ્રામ પંચાયતની સામુહિક રાજીનામાની ચીમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબી તાલુકાના જેતપર ગામે ખેતરોમાં નાખવામાં આવી રહેલા હાઈટેન્શન વીજપોલના યોગ્ય વળતરની માંગ સાથે શરૂ થયેલું ખેડૂતોનું આમરણાંત ઉપવાસ આંદોલન હવે ૯મા દિવસે એક અત્યંત ગંભીર અને નિર્ણાયક વળાંક પર પહોંચી ગયું છે. ખેડૂતોની ન્યાયિક લડતને મજબૂત કરવા માટે હવે આદરણા ગ્રામ પંચાયતે પણ મોરચો સંભાળ્યો છે. પંચાયતના સરપંચ, ઉપસરપંચ સહિતના તમામ સભ્યોએ ખેડૂતોના સમર્થનમાં આવ્યા છે. ખેડૂતોએ સરકારને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપી દીધું છે. છેલ્લા નવ દિવસથી અડગ રહીને ઉપવાસ પર બેઠેલા ખેડૂતોની એકતા સામે વહીવટી તંત્રના પાયા હચમચી ગયા છે. અત્યાર સુધીમાં સરકારના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓ ચારથી વધુ વખત વાર્તાલાપ માટે દોડી આવ્યા છે, પરંતુ ખેડૂતોએ મૌખિક આશ્વાસનો નકારીને માત્ર લેખિતમાં સત્તાવાર નિર્ણય આપવાની માંગ પર મક્કમતા દર્શાવી છે. ખેડૂતોએ સ્પષ્ટ કર્યું છે કે વળતરનો ઉકેલ તમામ પ્રભાવિત ખેડૂતોના હિતમાં જ હોવો જોઈએ. આ આંદોલનને વેગ આપવા માટે ગત રાત્રિએ 'અદાણીના અત્યાચાર અને ખેડૂતોની દુર્દશા' વિષય પર એક વિશેષ જનજાગૃતિ નાટક ભજવવામાં આવ્યું હતું, જેમાં હજારોની મેદની ઉમટી પડી હતી. આ લડતને હવે રાજ્યભરમાંથી વિવિધ ખેડૂત સંગઠનોનું પીઠબળ મળી રહ્યું છે. આંદોલનકારીઓએ રણનીતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે જો આગામી ૪૮ કલાકમાં સરકાર દ્વારા કોઈ હકારાત્મક લેખિત નિર્ણય લેવામાં નહીં આવે, તો આદરણા પંચાયતના તમામ પ્રતિનિધિઓ રાજીનામા આપશે અને બીજા તબક્કામાં ખેડૂત મહિલાઓ મોટી સંખ્યામાં પોતાના એક્ટિવા સ્કૂટર લઈને ગાંધીનગર વિધાનસભા કૂચ કરવા માટે રવાના થશે.


# મેલેરિયા



## મચ્છરથી બચો, મેલેરિયાને રોકો

### જરૂરી સંદેશ

- મેલેરિયા **માદા એનોફિલીસ** મચ્છરના કરડવાથી ફેલાય છે.
- મેલેરિયા ફેલાવતા મચ્છરો **ખુલ્લા, સ્વચ્છ અને સ્થિર પાણીમાં** પેદા થાય છે.
- સમયસર તપાસ અને સારવારથી મેલેરિયાથી બચી શકાય છે.

### શું કરવું ?

- ઘરની આજુબાજુ ભરાયેલ પાણી વહેવડાવી દો.
- પાણીના નાનાં ખાડા ખાબોચીયાં માટીથી પૂરી દો.
- મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રીમ, કોઈલ અને અગરબત્તીનો ઉપયોગ કરો.
- બારી બારણામાં મચ્છર જાળી લગાવો.
- સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરો.
- તાવ હોય તો આરોગ્ય કાર્યકર પાસે મફત લોહીની તપાસ કરાવો.
- સાદો મેલેરિયા હોય તો ૧૪ દિવસની અને ઝેરી મેલેરિયા હોય તો ૩ દિવસની સંપૂર્ણ સારવાર લો.
- સંપૂર્ણ શરીર ઢંકાય એવા કપડાં પહેરો.

### શું ન કરવું ?

- ઘરમાં અને ઘરની આજુબાજુમાં રહેલ પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ન રાખો.
- ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો થવા દેશો નહીં.
- તાવને સામાન્ય સમજી અવગણના કરવી નહીં.
- મેલેરિયા હોય તો સારવાર અધૂરી મૂકવી નહીં.

મેલેરિયાથી બચવાનો એક જ ઉપાય : **ત્વરિત નિદાન અને સંપૂર્ણ સારવાર**

**મેલેરિયા નિયંત્રણ માટે સજ્જ બનીએ : નિરોગી અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવીએ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર